Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટ ની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૦૫–૧૦–૨૦૧૮**

સિન્ડિકેટની તાકીદની સભા શુક્રવાર, તા. ૦૫–૧૦–૨૦૧૮ના રોજ બપોરે ૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિ ખંડ રૂમ નં. ૨૦૫ માં મળી હતી. જેમાં સભ્યની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૦૫–૧૦–૨૦૧૮ |
|---|---|---|
| ૧. | ડૉ.શિવેન્દ્ર ગુપ્તા (માનનીય કુલપતિશ્રી) | * |
| ૨. | ડૉ.ભાસ્કર મહેન્દ્ર પ્રસાદ રાવલ (માનનીય ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૭. | આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૮. | ડૉ.મહિદા મહેન્દ્રસિંહ ભરતસિંહ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૦. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૧. | ડૉ. ખરચિયા કશ્યપ પ્રવિણસિંહ | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી જયરામ ગામિત | હાજર |
| ૧૪. | શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ) | હાજર |
| ૧૫. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૧૬. | આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૧૭. | ડૉ.સંજયકુમાર (સત્યાર્થી) | હાજર |
| ૧૮. | શ્રી વિનોદકુમાર રણછોડભાઈ ગજેરા | હાજર |
| ૧૯. | શ્રી સંજય બલ્લુભાઈ લાપસીવાલા | હાજર |
| ૨૦. | ડૉ.કેતન ચંદ્રકાન્તભાઈ દેસાઈ | હાજર |

* **પૂર્વ નિરધારિત અન્ય સરકારી કામકાજમાં રોકાયેલ હોવાથી માનનીય કુલપતિશ્રી ઉપસ્થિત રહી શકેલ નહિ.**

૧. પરીક્ષા **FACT** કમિટિની તા.૨૬/૦૭/૨૦૧૮ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.....
(નોંધ : પરીક્ષા **FACT** કમિટિની ઉપરોક્ત સભાની કાર્યવાહીની નોંધ/ ભલામણો આ સાથે સામેલ છે.)

::: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા FACT કમિટિની તા.૨૬/૦૭/૨૦૧૮ની સભાની કાર્યવાહી બાબત ક્રમાંક ૨ માં જણાવેલ ગેરરીતિ ગંભીર પ્રકારની ગણી સુધારાત્મક પગલાં ક્રમાંક ૩૪ માં જણાવ્યા અનુસાર સિન્ડિકેટ કુલ ૩ વર્ષ માટે કોઈ પણ પરીક્ષામાં બેસવા ન દેવા તથા અન્ય કોઈ પણ અભ્યાસક્રમ કે કોલેજમાં પ્રવેશ ન આપવાનું ઠરાવે છે તથા બાબત ક્રમ ૩ માં જણાવેલ ગેરરીતિ ગંભીર પ્રકારની ગણી સુધારાત્મક પગલાં ક્રમાંક ૩૪ માં જણાવ્યા અનુસાર સિન્ડિકેટ કુલ ૧ વર્ષ માટે કોઈ પણ પરીક્ષામાં બેસવા ન દેવા તથા અન્ય કોઈ પણ અભ્યાસક્રમ કે કોલેજમાં પ્રવેશ ન આપવાનું ઠરાવે છે. વધુમાં બાબત ક્રમાંક ૯માં દર્શાવેલ વિદ્યાર્થીનું પરિણામ પ્રોરેટા ધોરણે જાહેર કરવું તથા અન્ય તમામ બાબતો યથાવત મંજૂર કરવામાં આવે છે.**

(પરિશિષ્ટ : ક)
(પરીક્ષા)

૨. પરીક્ષા **FACT** કમિટિની તા.૨૮/૦૮/૨૦૧૮ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.....
(નોંધ : પરીક્ષા **FACT** કમિટિની ઉપરોક્ત સભાની કાર્યવાહીની નોંધ/ ભલામણો આ સાથે સામેલ છે.)

::: **આથી ઠરાવવામાં આવે છે કે,** પરીક્ષા **FACT** કમિટિની તા.૨૮/૦૮/૨૦૧૮ની સભાની કાર્યવાહી યથાવત મંજૂર કરવામાં આવે છે.

(પરિશિષ્ટ : ખ )
(પરીક્ષા)

૩. બેચલર ઓફ આર્કિટેકચર સ્વનિર્ભર અભ્યાસક્રમ જી.સી.પી.આઈ.એ. સુરત નાં કો–ઓર્ડિનેટરના પત્ર ક્રમાંકઃજી.સી.પી.આઈ.એ./ બી.આર્ક./ ૨૦૧૮–૧૯ /૦૪૭, તા.૦૭/૦૮/૨૦૧૮ના પત્રમાં જણાવ્યાનુસાર યુનિવર્સિટીના આર્કિટેકચર–જી.સી.પી.આઈ.એ. ખાતે ચાલતાં બેચલર ઓફ આર્કિટેકચર અભ્યાસક્રમમાં મે–૨૦૧૮માં કાઉન્સિલ ઓફ આર્કિટેકચર,ન્યુ દિલ્હી ધ્વારા ૨૦૧૮–૧૯ માં વિદ્યાર્થીઓનાં પ્રવેશ ઈન્ટેક સંદર્ભે ઈન્સ્પેકશન થયેલ હતું.જે અંગે COA,ન્યુ દિલ્હી ધ્વારા ઈન્સ્પેકશન બાદ મોકલવામાં આવેલ રીમાર્ક તથા એસેસમેન્ટ રીપોર્ટ મુજબ બેઠકો ઘટાડવામાં આવેલ હતી. બેઠકોનાં ઘટાડાનાં કારણોમાં ફેકલ્ટીની ઓછી સંખ્યા પણ જવાબદાર ગણવામાં આવેલ છે.હાલ આર્કિટેકચર વિભાગમાં કુલ મળીને ૨૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરેલ છે. જેને ધ્યાનમાં લઈ વર્ષઃ૨૦૧૯–૨૦ની COA ઈન્સ્પેકશનની તૈયારીના ભાગરૂપે તથા વિભાગમાં ૪૦ બેઠકો માટેનો લક્ષ્યાંક ધ્યાન પર લઈ નીચે મુજબની પોસ્ટ પર ફેકલ્ટીની નિમણૂંક COA નાં એસેસમેન્ટ રીપોર્ટ મુજબ અનિવાર્ય હોય,

**COA એસેસમેન્ટ રીપોર્ટ મુજબ નીચે દર્શાવેલ પોસ્ટ પર જરૂરી ફેકલ્ટીની નિમણૂંકનું કોષ્ટક**

| No. | Post | Permanent | Contractual | Qualification & Experience |
|---|---|---|---|---|
| 1 | Principal | 1 | 0 | As per COA Norms 2017 |
| 2 | Professor | 1 | 0 | |
| 3 | Asso. Professor | 3 | 0 | |
| 4 | Asst. Professor | 2 | 2 | |

યુનિવર્સિટીમાં ચાલતા સ્વર્નિભર અભ્યાસક્રમમાં રોસ્ટર અનામત નિતીનો અમલ થતો હોવાથી યુનિવર્સિટીમાં ચાલતા સ્વર્નિભર સંયુકત રોસ્ટર રજીસ્ટર નિભાવવામાં આવતુ હોય તે અન્વયે

- આર્કિ. સ્વર્નિભર અભ્યાસક્રમમાં પ્રિનસિપાલની પ્રથમ જગ્યા ભરવાની થતી હોવાથી ક્રમઃ ૧ મુજબ બિનઅનામત છે.
- આર્કિ. સ્વર્નિભર અભ્યાસક્રમમાં પ્રોફેસરની પ્રથમ જગ્યા ભરવાની થતી હોવાથી ક્રમઃ૧ મુજબ બિનઅનામત છે.
- એસોસિએટ પ્રોફેસરની કુલ ત્રણ જગ્યા ભરવાની હોવાથી સદર કેડરમાં ૧ થી ૪ ક્રમનો ઉપયોગ થયો હોય તે પૈકી ૧ શા.શૈ.પ.ની ભરવાની થાય તે મુજબ પૂર્તતા થયેલ છે. માટે આર્કિ. સ્વર્નિભર અભ્યાસક્રમમાં એસોસિએંટ પ્રોફેસરની ભરવાની થતી જગ્યા ક્રમ : ૫ મુજબ બિનઅનામત,ક્રમ : ૬ મુજબ બિનઅનામત તથા ક્રમ : ૭ મુજબ અનુ. જનજાતિની જગ્યા ભરવાની રહે.
- આસિસ્ટન્ટ પ્રોફેસરની કેડરમાં ૧ થી ૫૮ ક્રમનો ઉપયોગ થયો હોય તે પૈકી ૪(અનુ. જાતિ),૮ (અનુ.જન.જાતિ), ૧૫( શા.શૈ.૫) જગ્યા ભરેલ હોવી જોઈએ તે મુજબ ૪(અનુ. જાતિ),૩(અનુ.જન.જાતિ), ૧૧( શા.શૈ.૫) જગ્યા ભરેલ છે તે જોતા ૫ (અનુ.જન.જાતિ),૦૪ ( શા.શૈ.૫) ની ઘટ્ટ માલુમ પડે છે વધુમા ક્રમ : ૫૯ અને ૬૦ બિન –અનામત છે અને શા.શૈ.૫. છે.૧ (અનુ.જનજાતિ) અને એક (શા.શૈ.૫)ભરવાની મંજૂરી અર્થે.

  ઉપરોકત રોસ્ટરની મંજૂરી અંગે વિચારણા કરવા બાબત.

::: **આથી ઠરાવવામાં આવે છે કે, એસોસિયેટ પ્રોફેસરની કુલ ૩ જગ્યા માટે એચઆરડી મિનિસ્ટ્રી ની ગાઈડલાઈન અને નીચે મુજબના રોસ્ટર મુજબ અનામત રાખવું તથા આસિસ્ટન્ટ પ્રોફેસરની કુલ ૨ જગ્યા પૈકીની એક જગ્યા એસ. ટી. થી તથા બીજી જગ્યા એસ.ઈ.બી.સી.ની રાખવી તથા સત્વરે રાષ્ટ્રીય વર્તમાનપત્રમાં જાહેરખબર આપવી**

- આર્કિ. સ્વર્નિભર અભ્યાસક્રમમાં પ્રિનસિપાલની પ્રથમ જગ્યા ભરવાની થતી હોવાથી ક્રમઃ ૧ મુજબ બિનઅનામત છે.
- આર્કિ. સ્વર્નિભર અભ્યાસક્રમમાં પ્રોફેસરની પ્રથમ જગ્યા ભરવાની થતી હોવાથી ક્રમઃ૧ મુજબ બિનઅનામત છે.
- એસોસિએટ પ્રોફેસરની કુલ ત્રણ જગ્યા ભરવાની હોવાથી સદર કેડરમાં ૧ થી ૪ ક્રમનો ઉપયોગ થયો હોય તે પૈકી ૧ શા.શૈ.પ.ની ભરવાની થાય તે મુજબ પૂર્તતા થયેલ છે. માટે આર્કિ. સ્વર્નિભર અભ્યાસક્રમમાં એસોસિએંટ પ્રોફેસરની ભરવાની થતી જગ્યા ક્રમ : ૫ મુજબ બિનઅનામત,ક્રમ : ૬ મુજબ બિનઅનામત તથા ક્રમ : ૭ મુજબ અનુ. જનજાતિની જગ્યા ભરવાની રહે.
- આસિસ્ટન્ટ પ્રોફેસરની કેડરમાં ૧ થી ૫૮ ક્રમનો ઉપયોગ થયો હોય તે પૈકી ૪(અનુ. જાતિ),૮ (અનુ.જન.જાતિ),૧૫(શા.શૈ.૫) જગ્યા ભરેલ હોવી જોઈએ તે મુજબ ૪(અનુ. જાતિ),૩(અનુ.જન.જાતિ), ૧૧( સા.શૈ.૫) જગ્યા ભરેલ છે તે જોતા ૫ (અનુ.જન.જાતિ),૦૪ (સા.શૈ.૫) ની ઘટ માલુમ પડે છે તેથી ક્રમ : ૫૯ અને ૬૦ અનુક્રમે બિન–અનામત અને સા.શૈ.૫. હોવા છતાં આ જગ્યાઓ ૧ (અનુ.જનજાતિ) અને ૧ (સા.શૈ.૫)થી ભરવી.

(વહીવટી)

૪. ભારતીય વિદ્યામંડળ કોલેજ કેમ્પસ, (નવાગામ) કામરેજ ચાર રસ્તા, ખોલવડ, જિ : સુરત સંચાલિત શ્રી જે. એસ. ભકતા આર્ટસ એન્ડ શ્રી એ.એન. શાહ સાયન્સ એન્ડ શ્રી એન.એફ. શાહ કોમર્સ કોલેજ, કામરેજ ચાર રસ્તા, ખોલવડ, સુરતે અનુદાનપાત્ર કોલેજમાં પાંચમાં અને છઠ્ઠા સેમેસ્ટરમાં બી.એસસી. (ફિઝિક્સ) મુખ્ય અનુદાનપાત્ર વિષય તરીકેનુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવાનો નિર્ણય કરેલ હોઈ, સદર કોલેજની પાંચમાં અને છઠ્ઠા સેમેસ્ટરમાં બી.એસસી. (ફિઝિક્સ)તરીકે મુખ્ય વિષય(સ્વનિર્ભર ધોરણે) તરીકે શિક્ષણ વિભાગ, ગાંધીનગરમાંથી સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી હજુ સુધી આવેલ ન હોઈ, સદર કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૨૯–૯–૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ ૨૦૧/ ૨૦૧૮–૨૦૧૯ થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯માં B.Sc. (Physics-Core Sub.) પાંચમાં અને સેમેસ્ટરમાં ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હોઈ, પાંચમાં સેમેસ્ટરની પરીક્ષા નજીકના ભવિષ્યમાં શરૂ થતી હોઈ, વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં રાખી એડમીશન આપેલ વિદ્યાર્થીઓને પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, અઠવાલાઈન્સ, સુરતમાં ટ્રાન્સફર કરી આપવા માટે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ :**

(૧) ઉપરોકત બાબતે આદેશાનુસાર યુનિવર્સિટી કાર્યાલયના તા.૨૩–૮–૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ એસ.એ.(સૈધ્ધાંતિક)(કામરેજ)(ફિઝિક્સ)(૧૮) /૧૬૩૮૩ થી શિક્ષણ વિભાગ, ગાંધીનગરને સદર બાબતે માર્ગદર્શન આપવા માટે પત્ર લખેલ છે.

(૨) સંસ્થાનો મૂળ પત્ર આ સાથે બિડાણ તરીકે સામેલ છે. )

::: **આથી ઠરાવવામાં આવે છે કે, આ કોલેજના વિદ્યાર્થીઓને તેમની ઈચ્છા અનુસાર અન્ય કોલેજમાં કે જયાં ભૌતિકશાસ્ત્ર વિષય મુખ્ય વિષય તરીકે ચાલતો હોય તેવી આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ૫ માં સેમેસ્ટરમાં પ્રવેશ આપવો તે માટે જો કોઈ કોલેજમાં જગ્યા ન હોય તો પણ તેટલી જગ્યાઓ વધારાની ગણીને પ્રવેશ આપવો.**

(સિન્ડિકેટ)

૫. સને ૨૦૧૮–૧૯ના વર્ષમાં સ્ટુડન્ટ કાઉન્સિલની ચૂંટણી યોજવી કે સિલેકશન કરવા અંગે સિન્ડિકેટમાં મૂકેલ કાર્યવાહી પર વિચારણા કરતાં સિન્ડિકેટે આ બાબતને પુનઃ વિચારણા કરવા જણાવી પરત કરેલ હોય તે અંગેની સભા તા.૧/૦૮/૨૦૧૮ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે વહીવટી મકાનના રૂમ નં. ૨૦૫માં મળી હતી. તેની કાર્યવાહીની ભલામણ પર વિચારણા કરવા બાબત....

::: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટુડન્ટ કાઉન્સિલની ચૂંટણી પ્રક્રિયા બાબતે નિર્ણય કરવા માટે ચાલુ વર્ષ માટે કુલપતિશ્રીને સત્તા આપવી.**

(યુ.ક. અને શા.શિ.)

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/ ૧૮૮૪૨/૨૦૧૮ **ઈન્ચાર્જ કુલસચિવ**
તા.૦૬–૧૦–૨૦૧૮
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........ ....**

.